રાજયમાં ચાલતાં કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં તાલીમ આપવા આઉટીસોર્સીંગ એજન્સી નકકી કરવા તથા કોન્ટ્રાકટ આપવા બાબત

ગુજરાત સરકાર
શ્રમ અને રોજગાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ–તલમ/૧૨/૨૦૧૬/૨૨૮૩૮૨/આર–૨
સચિવાલય,ગાંધીનગર
તા :– ૮–૮–૨૦૧૬

વંચાણમાં લીધાં :–
(૧)શ્રમ અને રોજગાર વિભાગના તાઃ–૮–૬–૧૦ ના ઠરાવક્રમાંકઃ–તલમ/ ૧૨/૨૦૧૦/૧૩૬/આર–૨
(૨)શ્રમ અને રોજગાર વિભાગના તાઃ–૪–૧૨–૨૦૧૪ ના ઠરાવક્રમાંકઃ–તલમ/૧૨૨૦૧૪/૫૮૫૬૮૭/૨–૨
(૩)શ્રમ અને રોજગાર વિભાગના તાઃ–૧૭–૧૨–૨૦૧૪ ના સુધારા ઠરાવક્રમાંકઃ–તલમ/ ૧૨૨૦૧૪/ ૫૮૫૬૮૭/ ૨–૨
(૪)નિયામકશ્રી, રોજગાર અને તાલીમની તાઃ–૧–૪–૨૦૧૬ ની સીગલ ફાઈલ ક્રમાંકઃ–૫૯૫૫

આમુખઃ–

વંચાણે લીધેલ ક્રમાંક–૧ ના ઠરાવથી રાજયમાં સને ૨૦૧૦–૧૧ થી રાજયમાં ૧૫૦ કૌશલ્ય વર્ધન કેન્દ્રો શરુ કરવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ.સમયાંતરે આ કૌશલ્ય વર્ધન કેન્દ્રો સંખ્યા વધારવા નવી બાબત રજુ કરી રાજયમાં કુલ ૫૦૦ કૌશલ્ય વર્ધન કેન્દ્રો કાર્યરત કરવામાં આવેલ છે.વંચાણે લીધેલ ક્રમાંક–૧ ની સમાનાંકી ફાઈલ પર આ કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં તાલીમ આપવાની કામગીરી ખાનગી એજન્સીઓ પાસેથી ટેન્ડર મંગાવી આઉટસોર્સ થી કરાવવાની નાણાં વિભાગે મંજુરી આપેલ છે.તદ્નુસાર વંચાણે લીધેલ ક્રમાંક–૨ અને ૩ ના ઠરાવથી સને ૨૦૧૫–૧૬ માં આઉટસોર્સીંગથી કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં તાલીમ આપવા મંજુરી આપેલ અને હવે નિયામકશ્રી, રોજગાર અને તાલીમે સને ૨૦૧૬–૧૭ માં આગામી એક વર્ષ માટે કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં તાલીમ આપવાની કામગીરી આઉટ સોર્સીંગ એજન્સીઓ પાસે કરાવવા ટેન્ડર પ્રસિધ્ધ કરેલ.અને નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરીમાં રચવામાં આવેલ ટેન્ડર કમીટી તરફથી ટેન્ડર મંજુર કરવાની સંપૂર્ણ કાર્યવાહી બાદ,લેવાયેલ નિર્ણય અનુસાર M/s BVG India Ltd. Ahmedabad ટેકનીકલ બીડ અને ફાઈનાન્સીયલ બીડમાં કવોલીફાઈડ થતાં , વંચાણે લીધેલ ક્રમાંક–૪ ની સીગલ ફાઈલથી નિયામકશ્રી, રોજગાર અને તાલીમે રાજયના કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં તાલીમ આપવાની કામગીરી કરવા માટે M/s BVG India Ltd. Ahmedabad ને વર્કઓર્ડર આપવાની અનુમતી આપવા વિનંતી કરેલ. આથી M/s BVG India Ltd. Ahmedabad ને કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં તાલીમ આપવા માટે વર્કઓર્ડર આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ–

આથી પુખ્ત વિચારણાના અંતે રાજયના કુલ ૫૦૦ કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં તાલીમ આપવાની કામગીરી આઉટસોર્સીંગથી કરાવવા માટે M/s BVG India Ltd. Ahmedabad ને વર્કઓર્ડર આપવાની નીચેની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

(૧)કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં આઉટસોર્સીંગથી પુરા પાડવામાં આવેલ માનવબળ અને આઈટી કોમ્પોનન્ટ માટે આ સાથે સામેલ પરિશિષ્ટ–૧ મુજબનું ચૂકવણું કરવાનું રહેશે.

(૨) કૌશલ્ય વર્ધન કેન્દ્રો ખાતે નીચે જણાવેલ સુવિધાઓ ઉભી કરવાની રહેશે.

(૨.૧) Conducting Monthly Job Mela per KVK

(૨.૨) CCTV camera in each class room and Bio-Metric card/Attendance System with MIS linked to salary, KPI and Internet/Intranet based Centralized camera viewing system accesible to different stakeholder

(૨.૩)Providing virtual teaching system at each of the KVKs suitable Communication and which can be linked to the BISAG studio, Regional office and Head Quarter

(૨.૪)Providing and running MIS for career counnseling, resume , Job Registration and Trianing

(૨.૫)Induction Training of the Trainers deployed

(૩) M/s BVG India Ltd. Ahmedabad ને કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં પુરા પાડેલ સ્ટાફ નું મહેનતાણું પ્રાદેશિક નાયબ નિયામકશ્રી,તાલીમ ની કચેરી મારફત ચૂકવવાનું રહેશે.

(૪)ઉપરોકત ક્રમાંક–૨ અનુસાર તાલીમાર્થીઓની અને M/s BVG India Ltd. Ahmedabad એ કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં પુરા પાડેલ સ્ટાફની બાયો મેટ્રીક ડીવાઈસથી અથવા અન્ય એટેન્ડન્સ સિસ્ટમથી MIS પર રેકર્ડ (Upload) થયેલ હાજરી આખરી ગણવાની રહેશે. અને પ્રાદેશિક નાયબ નિયામકશ્રી, તાલીમે MIS પરના રેકર્ડ મુજબ નોંધાયેલ હાજરીના આધારે સંપૂર્ણ ખાત્રી ચકાસણી કર્યા બાદ M/s BVG India Ltd. Ahmedabad ને ચૂકવણું કરવાનુ રહેશે.

(૫)M/s BVG India Ltd. Ahmedabad ને કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં પુરા પાડેલ સ્ટાફના પગાર અને સર્વિસચાર્જ અંગેનું બીલ સંબંધીત પ્રાદેશિક નાયબ નિયામકશ્રી,તાલીમ ની કચેરીને આગામી માસની ૧૦ મી તારીખ પહેલાં મોકલી આપવાનું રહેશે.

(૬)M/s BVG India Ltd. Ahmedabad ને ટેન્ડર નંબર–૧૧/૨૦૧૫–૧૬ ના એનેક્ષર–૫ મુજબ શરુઆતના તબકકે ૧ વર્ષ માટે વર્ક ઓર્ડર આપવાનો રહેશે.આ વર્ક ઓર્ડર આપ્યાના છ માસ પછી પ્રાથમિક અને સેમ્પલ થર્ડ પાર્ટી એસેસમેન્ટ કરાવી કામગીરીનો રીવ્યુ કરાવવાનો રહેશે.ત્યારબાદ વર્કઓર્ડર આપ્યાના ૧૧ માસ પછી Third Party Assesment કરાવવાનું રહેશે અને બંને એસેસમેન્ટના દરમિયાન (i)KVK ના તાલીમાર્થીઓને અપાતી તાલીમની ગુણવત્તા (ii)BVG દ્વારા KVK ના તાલીમાર્થીઓને અપાયેલ રોજગાર (iii)Employment વખતે Mnimum Wages મળે છે કે કેમ? (iv)M/s BVG India Ltd દ્વારા નિમાયેલ સ્ટાફની ગુણવત્તા તથા Behaviour વિગેરે મુદ્દાઓની ચકાસણી કરાવી Report મેળવી, આ Report ના આધારે M/s BVG India Ltd ને આગળના વર્ષો માટે Work Order આપવા માટે સરકારશ્રીની મંજુરી મેળવવાની રહેશે.

(૭)રાજયના KVK માં આઉટસોર્સથી પુરા પાડેલ માનવબળ માટે, આઉટસોર્સ એજન્સીના મંજુર રહેલ ટેન્ડરના હોદ્દાવાઈઝ માસિક દરે મંજુર રહેલ રકમની મર્યાદામાં, સંબંધીત વ્યકિત KVK માં હાજર હોય / KVK માં તાલીમ આપી હોય તેટલા દિવસનું જ ચૂકવણું કરવાનું રહેશે.

(૮)તાલીમાર્થીઓ અને આઉટસોર્સીગથી પુરા પાડવામાં આવેલ મેન પાવરનો ડેટા આધારકાર્ડ સાથે લીન્ક કરવા માટેના મહત્તમ પ્રયત્નો કરવાના રહેશે.

(૯)રાજયના KVK માં આઉટસોર્સથી ફરજો બજાવતાં વ્યકિતઓનું મહેનતાણું RTGS (Real Time Gross Settlement) system થી કરવાનું રહેશે.

(૧૦)ઠરાવની અન્ય શરતો નિયામકશ્રી, રોજગાર અને તાલીમે પ્રસિધ્ધ કરેલ ટેન્ડર નંબર–૧૧/૨૦૧૫–૧૬ ના એનેક્ષર–૧ ના Terms and Condition ના ક્રમાંક–૧ થી ૪૮ મુજબની રહેશે.

(૧૧)નિયામકશ્રી, રોજગાર અને તાલીમે ટેન્ડરનો વર્ક ઓર્ડર આપતાં પહેલાં ઉપરોકત તમામ શરતો સાથેનો કરાર આઉટ સોર્સીગ એજન્સી સાથે કરવાનો રહેશે.

(૧૨)આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ સંબંધીત વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન

અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૩)આ બાબત માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૪)આ અંગેનો અન્ય ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ અનેસરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૧૫)આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬)આ મંજુરી અનુસાર કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૭)આ અંગેનો ખર્ચ આઉટસોર્સની કામગીરી માટે મંજુર રહેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.અને આ હેતુ માટે મંજુર રહેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી ગ્રાન્ટ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે

(૧૮)M/s BVG India Ltd. Ahmedabad સાથે કરવામાં આવનાર કરારની શરતોનું ચૂસ્તપણે પાલન કરાવવાનું / કરવાનું રહેશે.

(૧૯)આઈ.ટી.સંબંધીત ખરીદી માટે અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૦)આ અંગેનો ખર્ચ નીચેના સદરે ઉધારવાનો રહેશે.

(૨૦.૧)માં.ક્ર –૫૭ ,આયોજન હેઠળ , મુખ્ય સદર – ૨૨૩૦–શ્રમ અને રોજગાર વિભાગ , ૦૩–તાલીમ, ૧૦૧–ઔદ્યોગીક તાલીમ સંસ્થાઆ – ૦૧–ઈએમપી–૧, ઔખેગીક તાલીમ સંસ્થાઓમાં કારીગર તાલીમ યોજના

(૨૦.૨)માં.ક્ર–૯૫ , આયોજન હેઠળ , મુખ્ય સદર – ૨૨૩૦–શ્રમ અને રોજગાર વિભાગ, ૦૩–તાલીમ, ૧૦૧–ઔદ્યોગીક તાલીમ સંસ્થાઆ – ૦૧–ઈએમપી–૧– અનુસુચિત જાતિઓ માટે કારીગર તાલીમ યોજના

(૨૦.૩)માં.ક્ર –૯૬ , આયોજન હેઠળ , મુખ્ય સદર – ૨૨૩૦–શ્રમ અને રોજગાર વિભાગ, ૦૩–તાલીમ, ૭૯૬ – આદિજાતી વિસ્તાર પેટા યોજના – ૦૧–ઈએમપી–૧– કારીગર તાલીમ યોજના

આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તાઃ– ૩–૬–૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે.એમ.ચૌહાણ)
નાયબ સચિવ
શ્રમ અને રોજગાર વિભાગ

પ્રતિ,

(૧)નિયામકશ્રી , રોજગાર અને તાલીમ , ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
(૨)મહાલેખાકારશ્રી , અમદાવાદ/રાજકોટ
(૩)નિવાસી ઓડીટ અધિકારીશ્રી અમદાવાદ / ગાંધીનગર
(૪)પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ / ગાંધીનગર
(૫)નાણાં સલાહકારશ્રી(કાયદા વિભાગ) , નાણાં વિભાગ , ગાંધીનગર
(૬)બજેટ શાખા, શ્રમ અને રોજગાર વિભાગ
(૭)M/s BVG India Ltd.302 Shukan Complex, Besides Fairdeal House, Swastik Cross Road, Navarangpura , Ahmedabad-380 009
(૮)આઈટી સેલ, શ્રમ અને રોજગાર વિભાગ ,વિભાગની વેબ સાઈટ પર મૂકવા માટે
(૯)સિલેકટ ફાઈલ , આર–૨ શાખા (૧૦)નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ

## પરિશિષ્ટ–૧

### Table – A – With ESI

| ક્રમ | કામગીરીનું નામ | કેન્દ્ર દીઠ વ્યકિતની સંખ્યા | એક વ્યકિતના મહેનતાણાંની રકમ(Take home Remuneration | EPF ( 13.36%) | ESI | Bonus | Proffessional Tax | Service Charge | Service Tax | Total (વ્યકિત દીઠ માસિક) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ફેકલ્ટી | ૦૩ થી ૪ | ₹૧૦૮૦૦.૦૦ | ₹૧૪૪૨.૮૮ | ₹૫૧૩.૦૦ | ₹૮૯૯.૬૪ | ₹૨૦૦.૦૦ | ₹૧૦૮૦.૦૦ | ₹૨૧૬૫.૬૫ | ₹૧૭૧૦૧.૧૭ |
| ૨ | કેવીકે કો–ઓર્ડીનેટર કમ કેરીયર કાઉન્સીલર | ૦૧ | ₹૧૨૬૦૦.૦૦ | ₹૧૬૮૩.૩૬ | ₹૫૯૮.૫૦ | ₹૧૦૪૯.૫૮ | ₹૨૦૦.૦૦ | ₹૧૨૬૦.૦૦ | ₹૨૫૨૧.૭૬ | ₹૧૯૯૧૩.૨૦ |
| ૩ | હાઉસકીપર | ૦૧ | ₹૮૭૧૧.૩૩ | ₹૧૧૬૩.૮૩ | ₹૪૧૩.૭૯ | ₹૭૨૫.૬૫ | ₹૮૦.૦૦ | ₹૧૩૦૬.૭૦ | ₹૧૭૯૮.૧૯ | ₹૧૪૧૯૯.૪૯ |

### Table – B – Without ESI

| ક્રમ | કામગીરીનું નામ | કેન્દ્ર દીઠ વ્યકિતની સંખ્યા | એક વ્યકિતના મહેનતાણાંની રકમ(Take home Remuneration | EPF ( 13.36%) | Bonus | Proffessional Tax | Service Charge | Service Tax | Total (વ્યકિત દીઠ માસિક) | Remarks |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ફેકલ્ટી | ૦૩ થી ૪ | ₹૧૦૮૦૦.૦૦ | ₹૧૪૪૨.૮૮ | ₹૮૯૯.૬૪ | ₹૨૦૦.૦૦ | ₹૧૦૮૦.૦૦ | ₹૨૦૯૧.૨૭ | ₹૧૬૫૧૩.૭૯ | |
| ૨ | કેવીકે કો–ઓર્ડીનેટર કમ કેરીયર કાઉન્સીલર | ૦૧ | ₹૧૨૬૦૦.૦૦ | ₹૧૬૮૩.૩૬ | ₹૧૦૪૯.૫૮ | ₹૨૦૦.૦૦ | ₹૧૨૬૦.૦૦ | ₹૨૪૩૪.૯૮ | ₹૧૯૨૨૭.૯૨ | |
| ૩ | હાઉસકીપર | ૦૧ | ₹૮૭૧૧.૩૩ | ₹૧૧૬૩.૮૩ | ₹૭૨૫.૬૫ | ₹૮૦.૦૦ | ₹૧૩૦૬.૭૦ | ₹૧૭૩૮.૧૯ | ₹૧૩૭૨૫.૭૦ | |

### Table – C – OtherExpenditure

| Sr.No | Type of Service | Service Charge |
|---|---|---|
| I | Conducting Monthly Job Mela per KVK | ₹12000.00 |
| II | CCTV camera in each class room and Bio-Metric card/Attendance System with MIS linked to salary, KPI and Internet/Intranet based Centralized camaera viewing system accesible to different stakeholder | ₹37330.00 |
| III | Providing virtual teaching system at each of the KVKs suitable Communication and which can be linked to the BISAG studio, Regional office and Head Quarter | ₹4500.00 |
| IV | Providing and running MIS for career counnseling, resume , Job Registration and Trianing | ₹300000.00 |
| V | Induction Training of the Trainers deployed | ₹1200000.00 |